**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નગરપાલિકાના નવા સદન માટે  તેમજ સદનમાં સુધારા–વધારા માટેની સહાયમાં વધારો કરવામાં આવ્યો.**

પ્રવર્તમાન જોગવાઈ મુજબ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત એ, બી, સી અને ડી કક્ષાની નગરપાલિકાઓને નગરપાલિકા પાસે પોતાનું મકાન હોય અથવા 30 વર્ષ જુનુ મકાન હોય તો તેને નવીન મકાન બનાવવા માટે,  એ–કક્ષાની નગરપાલિકાને 100 લાખ, બી–કક્ષાની નગરપાલિકાને 75 લાખ, સી–કક્ષાની નગરપાલિકાને 60 લાખ અને ડી–કક્ષાની નગરપાલિકાને50 લાખની સહાય આપવામાં આવે છે.

તેમજ નગરપાલિકાનાં હયાત મકાનમાં સુધારો–વધારો કરવાનો હોય તો, એ–કક્ષાની નગરપાલિકાને 40 થી 50 લાખ, બી–કક્ષાની નગરપાલિકાને 35 થી 40 લાખ, સી–કક્ષાની નગરપાલિકા માટે 30 લાખ અને ડી–કક્ષાની નગરપાલિકા માટે 25 લાખની રૂપિયાની સહાય આપવામાં આવે છે.

નગરપાલિકાઓ વધુ સુવિધાયુક્ત બને તે હેતુથી ઉપરોક્ત પ્રવર્તમાન જોગવાઈઓમાં વધારો કરવામાં આવ્યો છે. એટલે કે, હવે નગરપાલિકા પાસે પોતાનું મકાન હોય અથવા 30 વર્ષ જુનુ મકાન હોય તો તેને નવીન મકાન બનાવવા માટે એ–કક્ષા અને બી–કક્ષાની નગરપાલિકાઓને 75 થી 100 લાખની જગ્યાએ 200 લાખ રૂપિયાની સહાય તેમજ સી–કક્ષા અને ડી–કક્ષાની નગરપાલિકાઓ માટે 50 થી 60 લાખની જગ્યાએ 100 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

તેમજ નગરપાલિકાનાં હયાત મકાનમાં સુધારો–વધારો કરવાનો હોય તો, તે માટે એ અને બી કક્ષાની નગરપાલિકાઓને 80 થી 100 લાખ તેમજ  સી અને ડી કક્ષાની નગરપાલિકાઓ માટે 60 લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

પરિણામે નગરપાલિકાઓના મકાનોમાં અરજદારો માટે સુવિધાઓમાં વધારો કરી શકાય અને કચેરીમાં કામકાજ માટે આવતા અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારી શકાય.

સૌનો સાથ... સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...